


# મહારાષ્ટ્રમાં મોદી આઠ રેલીઓ કરશે

## મહારાષ્ટ્રમાં લોકસભાની ૪૮ બેઠકો પર ચાર તબક્કામાં મતદાન થશે : ૧૧ એપ્રિલે પ્રથમ ચરણમાં મતદાન કરાશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણીને લઇને આક્રમક ચૂંટણી પ્રચારની શરૂઆત કરી ચુક્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ મોદી મહારાષ્ટ્રમાં કુલ ૪૮ લોકસભાની સીટોમાં પોતાની તરફેણમાં માહોલ કરવા માટે મહારાષ્ટ્રમાં આઠથી વધારે રેલી કરનાર છે. મહારાષ્ટ્રમાં ૪૮ સીટ માટે ચાર તબક્કામાં મતદાન યોજાશે. આની શરૂઆત ૧૧મી એપ્રિલના દિવસથી થશે. મળેલી માહિતી મુજબ મોદી વર્ધામાં આવતીકાલે પહેલી એપ્રિલના દિવસે પ્રથમ રેલી યોજી છે જ્યાં પ્રથમ તબક્કામાં મતદાન યોજાશે. ભાજપના વરિષ્ઠ નેતાએ માહિતી આપતા કહ્યું છે કે, મોદી દ્વારા રાજ્યમાં કુલ ૮ રેલીઓ યોજવામાં આવશે. ત્રીજા અને ચોથા તબક્કામાં મતદાનમાં વધુ રેલીઓ પણ થઇ શકે છે. મતદાન આગળ વધતાં મોદીની રેલીઓની સંખ્યા વધારવામાં આવી શકે છે. પ્રથમ બે તબક્કાની સરખામણીમાં ત્રીજા અને ચોથા તબક્કામાં વધુ રેલી યોજવામાં આવશે. હાલના કાર્યક્રમ મુજબ ચાર તબક્કાની લોકસભાની ચૂંટણીમાં દરેક વિસ્તારમાં બે-બે રેલ યોજવામાં આવશે. મહારાષ્ટ્રમાં ૧૧, ૧૮, ૨૩ અને ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે. મુંબઇમાં જાહેરસભાના આયોજન અંગે પૂછવામાં આવતા ભાજપના વરિષ્ઠ નેતાઓનું કહેવું છે કે, મુંબઇ શહેરમાં માત્ર એક રેલીનું આયોજન કરાય તેવું લાગે છે જેમાં શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે પણ ઉપસ્થિત રહેશે. વર્ષ ૨૦૧૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભાજપ-શિવસેના ગઠબંધને મુંબઇમાં તમામ સીટો જીતી લીધી હતી. આ વખતે રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ અને ઉદ્ધવ ઠાકરે તેમના સંબંધિત પક્ષોની અલગ રેલીઓ યોજવા માટે સહમત થયા છે.

ભાજપના નેતાઓનું કહેવું છે કે, વધારે અસર છોડવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. સંયુક્ત રેલી યોજવાના બદલે અલગ અલગ રીતે જાહેરસભા યોજવામાં આવશે. આવી સ્થિતિમાં વધારે વિસ્તારોને આવરી લેવામાં આવશે. દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઇમાં યોજાનાર ભવ્ય સભાને લઇને અત્યારથી જ જોરદાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ઉદ્ધવ ઠાકરે અમિત શાહના નામાંકન વેળા ઉપસ્થિત રહ્યા બાદ એવી આશા છે કે, મહારાષ્ટ્રમાં બંને પક્ષો ફરીવાર સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરશે.

અમિત શાહની અમદાવાદમાં જાહેર સભા દરમિયાન જ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, શિવસેના અને ભાજપ વચ્ચે હવે કોઇપણ પ્રકારના મતભેદ નથી. બંને પક્ષો વચ્ચે વૈચારિક મતભેદો હતા જે હવે દૂર કરી લેવામાં આવ્યા છે. કોઇપણ પ્રકારના વિવાદો હવે રહ્યા નથી. મહારાષ્ટ્ર ઉપરાંત અન્યત્ર પણ શિવસેના અને ભાજપ એક સાથે રહેશે. મુંબઇની રેલી ઉપરાંત મહારાષ્ટ્રમાં યોજાનારી અન્ય મોદીની આઠ રેલી વેળા પણ શિવસેનાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

# ચંદ્રશેખરને ચૂંટણી મેદાનમાં ઉતારવા પાછળ મોટું ષડયંત્ર

## ભીમ આર્મી ચીફ ચંદ્રશેખર ભાજપના જાસુસ : દલિત મતોના વિભાજન માટે ચંદ્રશેખરને વારાણસીમાંથી મેદાનમાંથી ઉતારવાની તૈયારી થઇ : માયાવતીનો આક્ષેપ

ઉત્તરપ્રદેશમાં સહારનપુરમાં દલિત આંદોલન વેળા ચહેરા તરીકે ઉભરેલા ચંદ્રશેખર લોકસભા ચૂંટણી નજીક આવવાની સાથે જ ફરી એકવાર ચર્ચામાં આવી ગયા છે. વારાણસીમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સામે ચૂંટણી લડવાની જાહેરાત બાદ બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ ચંદ્રશેખર ઉપર પ્રહારો કર્યા છે અને કહ્યું છે કે, ચંદ્રશેખર ભાજપના ગુપ્તચર તરીકે છે. ભાજપના ઈશારે ચંદ્રશેખર ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા છે. ભીમ આર્મી ચીફ ચંદ્રશેખરના ચૂંટણી લડવાને લઈને માયાવતીએ કહ્યું છે કે, ભાજપનું કાવતરું છે.

માયાવતીએ ઉમેર્યું છે કે, દલિતોના મતમાં ગાબડા પાડીને ભાજપને લાભ પહોંચાડવા માટે ચંદ્રશેખરને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાજપે ગુપ્તરીતે કાવતરુ ઘડી કાઢ્યું છે. પહેલા ચંદ્રશેખરને બસપમાં મોકલવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા જે સફળ રહ્યા નથી. ભાજપ ઉપર પ્રહાર કરતા માયાવતીએ કહ્યું હતું કે, ચંદ્રશેખરની આડમાં દલિત વિરોધી માનસિકતા દર્શાવવાના પ્રયાસ ભાજપ તરફથી થઇ રહ્યા છે. જાતિવાદી અને સાંપ્રદાયિક પાર્ટી ભાજપને સત્તાથી દૂર કરવા માટે એક-એક મત કિંમતી દેખાઈ રહ્યા છે. સહારનપુરમાં જાતિય હિંસાને લઈને ચર્ચામાં આવેલી ભીમ આર્મીને ભાજપની પ્રોડક્ટ તરીકે ગણાવીને માયાવતીએ આ ગઠબંધનની સાથે કોઈપણ પ્રકારના સંબંધ રાખવાનો ઈન્કાર કરી દીધો છે. સહારનપુરમાં બસપના લોકોનું કહેવું છે કે, ભીમ આર્મી પૂર્ણરીતે ભારતીય જનતા પાર્ટીની પ્રોડક્ટ તરીકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ.

ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છટ્ઠી મે, છટ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મીલોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છટ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે.



## પ્રાંતિજ માર્કેટ યાર્ડમાં ઘઉં તથા એરંડાની હરાજી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના માર્કેટયાર્ડ ખાતે ઘઉં અને એરંડાની હેરાજી ચાલુ થતાં ખેડૂતોને પોષણ ભાવ મળી રહેતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિ પ્રાંતિજ ખાતે ઘઉંની હરાજી તથા એરંડાની હેરાજીનુ કામકાજ ચાલુ થતાં ઘઉંના પોષણક્ષમ ભાવ ખેડૂતોને મળી રહેતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. એરંડાના પણ સારી એવી આવક જળવાઈ રહી છે. સેક્રેટરી શૈલેષભાઈ પટેલ તથા પ્રાંતિજ માર્કેટયાર્ડના સ્ટાફના દેખરેખ હેઠળ માર્ચ માસમાં પણ ખેડૂતોને પુરતો ભાવ મળી રહે છે.

## ફરી એકવાર આનંદમૂર્તિ ગુરૂમા અમદાવાદને આંગણે પધારશે

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતમાં આકરો ઉનાળો બેસી ગયો છે. વાતાવરણનો તાપ શરીરને તકલીફ આપે છે. પણ આધુનિક માનવીના મનમાં ચિંતા, તનાવ, વ્યાધિ અને ઉપાધિનો તાપ તો બારેમાસ દઝાડતો રહે છે. આ સંતપ્ત મન પર શીતળતાનો છંટકાવ કરવા જાણીતા મહિલા સંત આનંદમૂર્તિ ગુરૂમા અમદાવાદ પધારી રહ્યા છે. તેમના ચાર દિવસીય સત્સંગનું આયોજન અમદાવાદમાં જીએમડીસી ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટર ખાતેના કન્વેનશન હોલમાં ૧૮ એપ્રિલથી ૨૧ એપ્રિલ, ૨૦૧૯ સવારે ૮ થી ૧૦ કલાક દરમિયાન રાખવામાં આવ્યું છે. આ સત્સંગમાં તમામ ધર્મ, સંપ્રદાય, જાતિ કે વર્ગની વ્યક્તિ હાજર રહી શકે છે અને દરેક વ્યક્તિ માટે પ્રવેશ નિઃશુલ્ક છે એવી માહિતી આયોજકોએ આપી હતી.

## ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામની દુકાનમાંથી ચોરાયેલ મોબાઈલ સાથે ત્રણ સગીર ઝડપાયા

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામે નવીનભાઈ વણઝારાની મોબાઈલ દુકાન આવેલ છે જેઓ ખેડબ્રહ્માથી આપડાઉન કરી વ્યસાય કરતા હતા. ગત ૯ માર્ચના સાંજે દુકાન બંધ કરી કોઈ ચોર ઈસમો પાછળના ભાગે આવેલ શટર તોડી મોબાઈલ, એસેસરી, બેટરી ચોરી કરી કુલ ૯૪૬૦૦નો મુદ્દમાલ ચોરી કરી ગયા હતા. જે અગે નવીનભાઈએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી હતી જે આધારે પોલીસ તપાસમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ખેડબ્રહમાં એસ.ટી.બસ સ્ટેશન પાસે ત્રણ ઈસમો ઉભા રહી મોબાઈલ વેચવાના પ્રયત્ન કરી રહયા છે જેથી પોલીસે તપાસ કરી તેમની ઝડતી લેતા તેમની પાસે ૨૧ મોબાઈલ મલી આવેલ જે અંગે પૂછતાં યોગ્ય જવાબ ના આપી શકેલ અને ચોરીના હોવાનું માલુમ પડેલ જેમાં ત્રણને રહે ધ્રાંગી વાસ, તા. દાંતાનાને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.



## સરડોઈના જૂની રંગભૂમિના કલાકારને એવોર્ડથી સન્માનિત કરાયા

મોડાસા તાલુકાના સરડોઇ ગામના વતની અને જૂની રંગભૂમિના કલાકાર અને કલાવિદ મોતીભાઈ ભગવાનભાઈ નાયકનું વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીના પર્વે અમદાવાદ વિશ્વ રંગભૂમિએવોર્ડ અર્પણ કરી સન્માન કરવામાં કરવામાં આવ્યું હતું. વિશાલા અને વિચાર ટ્રસ્ટના આદ્યસ્થાપક સુરેન્દ્રભાઈ પટેલ, સ્મિતાબેન પટેલની નિશ્રામાં યોજાયેલ આ મહોત્સવના અધ્યક્ષ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ-લોકકલા ફાઉન્ડેશન અમદાવાદ, પરિકલ્પના નાટ્યસમ્રાટ પી.ખરસાણી, સહદિગ્દર્શક જીતેન્દ્ર ઠક્કર, કલા નિદર્શન પ્રફુલ ખરસાણી વગેરેએ શાલ, પુષ્પહાર, પ્રશસ્થીપત્ર, સ્મૃતિચિન્હ તેમજ રોકડ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

## વિવો ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૧૯ માટે એશિયન પેઈન્ટસે કોલકતા નાઈટ રાઈડર્સ સાથે સ્પોન્શરશીપની ઘોષણા કરી

વિશ્વમાં સૌથી વધુ લોકપ્રિય ફ્રેન્ચાઈઝ આધારીત સ્પોર્ટીંગ લીગ્સ પૈકીની એક એવી આઈપીએલમાં ટોચની પેઈન્ટ અને ડેકોર કંપની એશિયન પેઈન્ટસે કોલકત્તા નાઈટ રાઈડર્સ (કેકેઆર) સાથે પોતાના સત્તાવાર એસોસિએશનની ઘોણા કરી છે. આ વર્ષમાં તેની ૧૨મી એડિશન સાથે આઈપીએલ વિશ્વભરમાં પ્રીમિયર અને સૌથી વધુ જોવાતી ટી-૨૦ લીગ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકી છે. ઉચ્ચ ગુણવત્તાસભર ક્રિકેટ અને શ્રેષ્ઠ ખેલાડીઓ તેમજ પ્રતિભાઓ માટે જાણીતી એશિયન પેઈન્ટસ વિશ્વની સૌથી મોટી સ્પોર્ટ અને લોકપ્રિય કેકેઆર ટીમ સાથે જોડાઈને પોતાની દશ્યતા અને અસર વધારશે.

આ એસોસિએશનથી એશિયન પેઈન્ટસની ઓન ગ્રાઉન્ડ અને ઓન એર હાજરી જોવા મળશે અને નેટવર્ક તેમજ ગ્રાહકો માટે ઘણી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. લીડ ટ્રાઉઝર સ્પોન્શરશીપને કારણે આ બ્રાન્ડને લીગ દરમિયાન બહુવિધ બ્રાન્ડ વિજ્ઞાપનોનાં ઝુમખામાંથી બહાર નીકળવામાં સફળતા મળશે. વધારાના એશિયન પેઈન્ટસ દ્વારા બે મીટ એન્ડ ગ્રીટ્સ કાર્યક્રમો તેના અગ્રણી સ્ટેક હોલ્ડર્સ માટે કેકેઆર ટીમનં ખેલાડીઓ સાથે યોજવામાં આવ્યા છે. પૂર્વ ભારતનાં લોકો મજબુત ખેલરસિકો છે. આથી એશિયન પેઈન્ટસ આ એસોસિએશનનો ઉપયોગ ગ્રાહકો, ડિલર્સ નેટવર્ક, એઈડ્સ અને કોન્ટ્રાક્ટર્સ સાથે વધુ દઢ થવામાં કરશે. એએમજે ક્વાર્ટર દરમિયાન આ સ્પોન્શરશીપ બ્રાન્ડ માટે સ્થિર અને પહોંચાય તેવી અસર અને દશ્યતાને સર્જન કરે તેવી ધારણા છે.

## ટાટા મોટર્સે પેસેન્જર વ્હિકલ લુબ્રિકન્ટસ માટે ભારતમાં વેલ્વોલિન કમિન્સ સાથે ભાગીદારી

વેલ્વોલિન કમિન્સ પ્રાઈવેટ લિમિટેડ અને ટાટા મોટર્સે આજે પેસેન્જર કાર સેગ્મેન્ટ માટે તેમની કો-બ્રાન્ડેડ લુબ્રિકન્ટસ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ લુબ્રિકન્ટસ ટાટા મોટર્સ જેન્યુઈન ઓઈલ તરીકે ઓળખાશે અને તે રીટેલ બજારમાં બધી જ ટાટા મોટર્સ કાર્સ માટે ઉપલબ્ધ હશે. આ કો-બ્રાન્ડેડ લુબ્રિકન્ટના લોન્ચિંગમાં ટાટા મોટર્સ, પીવીબીયુના સિનિયર જનરલ મેનેજર અને કસ્ટમર કેરના વડા સુભજિત રોય, સર્વિસ માર્કેટિંગના વડા પી. શણમુગ સુંદરમ, વેલ્વોલિન કમિન્સના સીઈઓ સંદીપ કાલિયા, વીસીપીએલના ચીફ ટેકનિકલ ઓફિસર એસ.કે. મુખરજી, રીટેલ સેલ્સ અને માર્કેટિંગના ડિરેક્ટર જિતેશ મહેતા અને વીસીપીએલ પાર્ટનરસિપના વીપી ઓઈએમ રૂપેશ કુશવાહા ઉપસ્થિત રહ્યા હતા.

## લોંચ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગોઠવવામાં આવશે. જાણકાર લોકોનું કહેવું છે કે, ૨૮ ઈન્ટરનેશનલ સેટેલાઈટમાં ૨૫ ત્રણ યુ ટાઈપના, બે છ યુ ટાઈપના અને બે યુ ટાઈપના એક નેનો સેટેલાઈટ છે. સ્પેન અને સ્વિત્ઝર્લેન્ડના એકએક સેટેલાઈ છે જ્યારે અમેરિકાના ૨૪ સેટેલાઈટ છે. આ તમામ સેટેલાઈટનો કોમર્શિયલ સમજૂતિ મારફતે લોંચ કરવામાં આવનાર છે. અગાઉ જાન્યુઆરીમાં ઈસરોએ માઈક્રોસેટ-આર લોંચ કર્યુ હતું.

## સંસદીય સચિવ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સચિવ તરીકે સેવાઓ આપી રહેલ ભરતસિંહ ડાભીની પસંદગી કરાઈ છે.

પાટણ બેઠક પર તેમની પસંદગીથી જંગ ખરાખરીનો બનશે તેમ મનાઈ રહ્યુ છે. જોકે પાટણ બેઠક પર હજુ સુધી કોઈએ ઉમેદવારી નોંધાવી નથી. હવે ત્રણ દિવસમાં ઈચ્છુકો જંગમાં ઝુકાવશે તે પછી ચિત્ર વધુ સ્પષ્ટ થશે. ઉત્તર ગુજરાતમાં જે રીતે બે મંત્રીમંડળના સભ્યોની પસંદગી કરાઈ છે તેને લઈ ઉત્તર ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ખેરાલુ બેઠક પરથી ભરતસિંહ વિજયી થઈ આવ્યા છે. જે તેમના પિતા સ્વ. શંકરજી ઠાકોરની બેઠક છે. સ્વ. શંકરજી ઠાકોર આ બેઠક પર સાત વખત વિજયી બની વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. તેમના રાજકીય વારસાને ભરતસિંહ આગળ ધપાવી રહ્યા છે.

પાટણ બેઠક પર ૬ લાખ જેટલા ઠાકોર મતદારો હોવાથી ઠાકોર સમાજમાં સારી નામના ધરાવતા ભરતસિંહની પસંદગી કરવામાં આવી હોવાનું મનાઈ છે. કોંગ્રેસે આ બેઠક પર પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરની પસંદગી પર કળશ ઢોળ્યો છે. બન્ને આગેવાનો વચ્ચેનો આ જંગ ઉત્તર ગુજરાતમાં ખરાખરીનો જંગ બની રહેશે તેમ મનાઈ રહ્યું છે.

## ગોળીબાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવામાં આવ્યા છે. પાકિસ્તાન અને પોકમાંથી આ વર્ષે હજુ સુધી સેંકડો ત્રાસવાદીઓ દ્વારા ઘુસણખોરી કરવામાં આવી હતી. જ્યારે ગયા વર્ષે ૨૦૧૮માં આ આંકડો ૧૨૩ ઉપર રહ્યો હતો. આ પ્રવાહને જોતા ખીણમાં સક્રિય ત્રાસવાદીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. માર્યા ગયેલા આ ત્રાસવાદીઓમાં લશ્કરે તોયબાના ૧૪, હિજબુલના અને અલ બદરના ટોપ કમાન્ડર પણ સામેલ છે. રાજ્ય પોલીસ, સેના અને સીઆરપીએફનમા સંયુક્ત ઓપરેશનથી મોટી સફળતા હાંસલ થઈ રહી છે. પુલવામાં ત્રાસવાદી હુમલા બાદ સેના અને સુરક્ષા દળો ઓપરેશન વધારે તીવ્ર કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવી રહ્યો છે. સેનાએ વધુ આક્રમક વલણ અપનાવીને કાર્યવાહી જારી રાખી છે. બીજી બાજુ પુલવામા ત્રાસવાદી હુમલા બાદ પાકિસ્તાન ઉપર ચારેબાજુથી દબાણ આવી રહ્યું છે છતાં પણ પાકિસ્તાન જૈશે મોહમ્મદ સામે કોઈ કાર્યવાહી કરવાની દિશામાં આગળ વધી રહ્યું નથી. પાકિસ્તાન દ્વારા ધ્યાન ફટકાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભારતના ડોઝિયરના જવાબમાં પાકિસ્તાને આત્મઘાતી બોંબર આદિલદારના સંદર્ભમાં માહિતી માંગી છે. હુમલા પહેલા દારે કેટલાક વિડિયો બનાવ્યા હતા.

## વાયનાડ બેઠક...

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક બેઠક પરથી ચૂંટણી લડવા તૈયાર થયા છે. અનેક કારણોને ધ્યાનમાં લીધા બાદ કેરળની વાયનાડ સીટની પસંદગી કરવામાં આવી છે. કેરળની આ સીટ સાંસ્કૃતિક અને ભૌગોલિકરીતે ખુબ મહત્વપૂર્ણ છે. આ સીટ કેરળ, કર્ણાટક અને તમિળનાડુને જોડે છે. આવી સ્થિતિમાં રાહુલ ગાંધી જો આ સીટ ઉપરથી લડે છે તો દક્ષિણ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. પાર્ટી નેતા રણદીપ સૂરજેવાલાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી અનેક વખત કહી ચુક્યા છે કે, અમેઠી હંમેશા તેમની કર્મભૂમિ રહી છે. રાહુલ ગાંધી માટે અમેઠી માત્ર એક સંસદીય ક્ષેત્ર નથી બલ્કે તેમના માટે પરિવારની જેમ છે. મોદી સરકારની અવધિમાં સતત દક્ષિણ ભારતમાં લોકો સાથે અન્યાય થઈ રહ્યો છે.

આવી સ્થિતિમાં ઉત્તર અને દક્ષિણ ભારતને સાંસ્કૃતિકરીતે જોડવામાં આવે તે જરૂરી છે. રાહુલ આ બેઠક પરથી ચૂંટણી લડીને ત્રણેય રાજ્યોનું પ્રતિનિધિત્વ કરશે. રાહુલ એટલા માટે બીજી સીટ શોધી રહ્યા છે કે, અમેઠીમાં તેમની હાલત સારી દેખાઈ રહી નથી તે અંગે પૂછવામાં આવતા સુરજેવાલાએ કહ્યું હતું કે, ૨૦૧૪ની ચૂંટણીમાં મોદી ગુજરાતના બદલે વારાણસીમાંથી મેદાનમાં ઉતર્યા હતા. સુરજેવાલાએ કહ્યું હતું કે, આ પ્રકારની હળવી વાતો કરવી જોઈએ નહીં. અમેઠીમાં રાહુલની સામે ભાજપના સ્મૃતિ ઈરાની ચૂંટણી મેદાનમાં છે. પાંચ વર્ષથી આ ક્ષેત્રમાં સ્મૃતિ ખુબ જ સક્રિય રહ્યા છે. છેલ્લી ચૂંટણીમાં રાહુલે સ્મૃતિ ઉપર એક લાખથી વધુ મતે જીત મેળવી હતી.

## કોંગ્રેસ પ્રતિબદ્ધ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોને પણ આ વચન આપવામાં આવ્યું છે. કોંગ્રેસની પાર્ટી દિલ્હીમાં સત્તામાં આવતાની સાથે જ આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવામાં આવશે. આની સાથે સાથે ગરીબ વર્ગના લોકોને ૭૨૦૦૦ રૂપિયા વાર્ષિક આપવાના વચનનો ઉલ્લેખ કરતા રાહુલે કહ્યું હતું કે, તેઓ મોદી નથી. ખોટા નિવેદન કરતા નથી. મોદીએ ૧૫ લાખ રૂપિયા બેંક ખાતામાં આપવાનું વચન આપ્યું તું. તેમની સરકાર બેંક ખાતામાં આપી શકે તેમ નથી પરંતુ અમારી સરકાર આવશે તો દેશના સૌથી ગરીબ લોકોને દર વર્ષે ૭૨૦૦૦ રૂપિયા આપવામાં આવશે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું કે, જે રીતે મનરેગા, વાઈટ રેવેલ્યુશન, ગ્રીન રેવેલ્યુશનની બાબતને સફળ બનાવવામાં આવી હતી તે રીતે કોંગ્રેસ પાર્ટી ન્યાય સ્કીમને પણ સફળ બનાવશે. રાહુલ ગાંધીએ આ વચન આપીને ફરી એકવાર પ્રજાને પોતાની તરફ કરવાના પ્રયાસ કર્યા છે. રાહુલ ગાંધીએ હાલમાં જ ગરીબ પરિવારોના ખાતામાં દર વર્ષે ૭૨૦૦૦ રૂપિયા આપવાની વાત કર્યા બાદથી રાજકીય પક્ષોમાં આની ચર્ચા જોવા મળી રહી છે. કેટલાક આર્થિક નિષ્ણાતો પણ આ યોજનાને લઈને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોની ઝાટકણી કાઢી રહ્યા છે. તેમના કહેવા મુજબ આ પ્રકારની સ્કીમને અમલી કરવાની બાબત શક્ય દેખાતી નથી. રાહુલ ગાંધી લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરી રહ્યા છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીના લોકોનો આક્ષેપ છે કે, રાહુલ ગાંધી કોઈપણ પ્રકારના વચનો હાલના દિવસોમાં આપી શકે છે. કારણ કે, કોંગ્રેસ પાર્ટી જાણે છે કે તેમની સત્તા આવનાર નથી જેથી વચનો આપવામાં પીછેહઠ કરી રહ્યા નથી.

## અતિતની આજ

● ચોથા પાનાનું ચાલું

અને પછી હિંદુ વિધિથી સાત ફેરા લઈને પરણ્યાં હતાં. બિહારના ભાજપી નેતા અને કેન્દ્રના મંત્રી રહેલા શાહનવાઝ હુસૈન પણ રેણુ શર્માને અને બિહારના ભાજપી નેતા તેમ જ નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર પોતાની ખ્રિસ્તી મિત્ર જેસી જ્યોર્જને પરણેલા છે. જોકે હિંદુ-મુસ્લિમ એકતાના કાયમ આગ્રહી એવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પોતાના પુત્ર મણિલાલને તેના બાર વર્ષના પ્રણય પછી પણ ફાતિમા ગુલ સાથે લગ્ન કરવામાં અવરોધ સર્જ્યા હતા.

સવર્ણ હિંદુ અને દલિત વચ્ચે વહેરોવંચો

કુલ ૯૬.૨૮ ટકા મુસ્લિમ વસ્તી ધરાવતા મુસ્લિમ રાષ્ટ્ર પાકિસ્તાનની વર્ષ ૨૦૧૭ની વસ્તી ગણતરી મુજબ, તેની ૨૦૭,૭૭૪,૫૨૦ જેટલી વસ્તીમાં માત્ર ૪૦ લાખ જેટલાં જ હિંદુ છે. હિંદુ કાઉન્સિલ આ આંકડો ૮૦ લાખનો આપે છે. જોકે પાકિસ્તાનની રાષ્ટ્રીય ધારાસભા (નેશનલ અસેમ્બલી) અને પ્રાંતિક ધારાસભાઓમાં અમુક બેઠકો લઘુમતી કે બિન-મુસ્લિમો માટે અનામત રાખવામાં આવે છે. હિંદુ, ખ્રિસ્તી, શીખ, એહમદિયા સહિતના લઘુમતી કોમોના લોકોને દુય્યમ દરજ્જાના નાગરિક લેખવાની પરંપરા જોવા મળે છે. એમાં પણ ખાસ કરીને ઉજળિયાત હિંદુ (કાસ્ટ હિંદુઝ) અને દલિત (શિડ્યુલ્ડ કાસ્ટ્સ) વચ્ચે વહેરોવંચો રખાય છે. પાકિસ્તાનમાં દલિત મહિલા સેનેટ કે નેશનલ અસેમ્બલીની સભ્ય બને ત્યારે હિંદુ મહિલાને સાંસદ બનાવાયાનો હરખ ભારતમાં કરવામાં આવે છે, પણ પાકિસ્તાનમાં તો વસ્તી ગણતરીમાં પણ સવર્ણ અને દલિતની અલગ ગણતરી થાય છે. ભારતમાં આઝાદી પહેલાં હિંદુ અને દલિત અલગ લેખાતા હતા,પણ પાકિસ્તાનમાં આજે પણ એ પરંપરા અકબંધ છે.પાકિસ્તાનની કુલ વસ્તીમાં ધાર્મિક લઘુમતીઓમાં ૧.૫૯ ટકા ખ્રિસ્તી, ૧.૬૦ ટકા હિંદુ, ૦.૨૨ ટકા કાદીયાણી (એહમદિયા), ૦.૨૫ ટકા શિડ્યુલ્ડ કાસ્ટ્સ અને ૦.૦૭ ટકા અન્ય હોવાનું વર્ષ ૨૦૧૭ની વસ્તી ગણતરીના સત્તાવાર આંકડા દર્શાવે છે. આવા સંજોગોમાં ભારત સરકારે પાકિસ્તાન અલગ દેશ છે એ વાતને સ્વીકારીને ત્યાંના હિંદુ કે અન્ય નાગરિકોના માનવ અધિકારોની વાત યોગ્ય મંચ પર રજૂ કરવી ઘટે,અન્યથા એ બૂમરેંગ થાય.

haridesai@gmail.com